પ્રાસ્તાવિક :

વિદ્યાની ઉપાસના એ સતત ચાલતી પ્રક્રિયા છે. કૉલેજકાળ દરમ્યાન વધુ અભ્યાસની અભિલાષા જાગી હતી. પરંતુ નોકરી મળતાની સાથે એ અભિલાષા મંદ પડી ગઈ. જેમ જેમ અધ્યાપન કરાવતો ગયો તેમ તેમ એ અભિલાષા ફરી પાછી જાગૃત થઈ. શિક્ષણનો વ્યાપ રોજે રોજ વિસ્તરતો જાય છે, એ વ્યાપની સાથે મારે પણ કદમ મેળવવા જોઈએ એટલે મહાશોધકાર્ય માટેની ભૂખ ઊપડી.

આ જગતમાં જે સજીવસૃષ્ટિ છે એમાં સૌથી રહસ્યમય અને ગૂઢ સજીવ કોઈ હોય તો તે માનવ છે. માનવ બે ભાગમાં વહેંચાયેલો છે; સ્ત્રી અને પુરુષ. જગતના કર્તાએ આ બંનેની રચના અદ્‌ભુત રીતે કરી છે. આ સ્ત્રી–પુરુષના સંબંધો ખૂબ જટીલ અને સંકુલ છે. સંબંધ વગર કોઈ જીવી શકતું નથી. માનવજીવનની સાર્થકતા જ આ સંબંધમાં રહેલી છે. સંબંધ વગર જીવવું અશક્ય છે. સંબંધોનું મૂલ્ય આંકવામાં જ્યારે ઓછપ વર્તાય છે ત્યારે એ સંબંધ સંબંધ ન રહેતાં ઓળખાણ માત્ર બની રહે છે.

એક માનવ તરીકે હું પણ કેટકેટલા સંબંધોમાંથી પસાર થયો છું. મને પણ સમજાયું છે કે, સંબંધની શીતળતાથી જ જીવન ખીલી ઊઠે છે. હૃદયને દરવાજા હોતા નથી, સંબંધ એ અતિથિ નથી. જીવનનો શ્વાસ પૂર્ણ થઈ જાય છે, પણ સંબંધનો શ્વાસ કદી પૂર્ણ થતો નથી. એમાં પણ સ્ત્રી–પુરુષના સંબંધો એ તો જાણે કે સંબંધોની પરાકાષ્ઠા જ છે. વિતેલા કોઈ સંબંધની વાત ક્યારેક ઊંઘ ઊડાડી મૂકે છે, તો ક્યારેક આંખની પાંપણોની વચ્ચે અકબંધ સચવાઈને પડી રહે છે. ક્યારેક ઉઘાડી આંખે ચહેરો જોવા માટે તરસવું પડે છે, તો ક્યારેક આંખો મીંચતા જ કોઈ ચહેરો નજર સામે દોડી આવે છે.

આવા સંબંધો વિશે, તેમાંય સ્ત્રી–પુરુષ સંબંધો વિશે જાણવાની મારી અભિલાષા હતી, તરસ હતી, રસનો વિષય હતો. આ અભિલાષા, તરસ અને રસને છીપાવવા માટે

મેં મારા શોધનિબંધનો વિષય – ''**ગુજરાતી નવલકથા સાહિત્યની પસંદગીની નવલકથાઓમાં સ્ત્રી–પુરુષ સંબંધો**'' રાખ્યો છે. મારા માર્ગદર્શક ડૉ. જશુભાઈ પટેલના સથવારે આ સંબંધોને ઊંડાણ અને વ્યાપથી તપાસવાનો બનતો પ્રયાસ કર્યો છે.

મારા આ શોધનિબંધને નીચે મુજબના પ્રકરણોમાં રજૂ કરવા વિચાર્યું છે.

પ્રકરણ–૧ : ગુજરાતી નવલકથા સાહિત્યમાં સ્ત્રી–પુરુષના સંબંધોને આલેખતી નવલકથાઓનો આલેખ

૧.૧ સુધારકયુગની નવલકથાઓમાં સ્ત્રી–પુરુષ સંબંધો

૧.૨ પંડિતયુગની નવલકથાઓમાં સ્ત્રી–પુરુષ સંબંધો

૧.૩ ગાંધીયુગની નવલકથાઓમાં સ્ત્રી–પુરુષ સંબંધો

૧.૪ અનુગાંધીયુગની નવલકથાઓમાં સ્ત્રી–પુરુષ સંબંધો

૧.૫ આધુનિકયુગની નવલકથાઓમાં સ્ત્રી–પુરુષ સંબંધો

૧.૬ અનુઆધુનિકયુગની નવલકથાઓમાં સ્ત્રી–પુરુષ સંબંધો

પ્રકરણ–૨ : અર્વાચીન પરિમાણ

૨.૧ 'સરસ્વતીચંદ્ર' – ગોવર્ધનરામ ત્રિપાઠી

૨.૨ 'મળેલા જીવ' – પન્નાલાલ પટેલ

૨.૩ 'ધીમુ અને વિભા' – જયંતિ દલાલ

પ્રકરણ–૩ : આધુનિક પરિમાણ

૩.૧ 'અમૃતા' – રઘુવીર ચૌધરી

૩.૨ 'નાઈટમેર' – સરોજ પાઠક

૩.૩ 'કામિની' – મધુ રાય

૩.૪ 'શીમળાનાં ફૂલ' – ધીરુબહેન પટેલ

૩.૫ 'પ્રિયજન' – વીનેશ અંતાણી

પ્રકરણ–૪ : અનુઆધુનિક પરિમાણ

૪.૧ ‘ખડકી’ – સુમન શાહ

૪.૨ ‘નેળિયું’ – મોહન પરમાર

પ્રકરણ–૫ : ઉપસંહાર

ઉપર્યુક્ત પ્રકરણોનો ટૂંકસાર નીચે મુજબ છે.

<u>પ્રકરણ–૧</u>

ગુજરાતી નવલકથા સાહિત્યમાં સ્ત્રી–પુરુષના સંબંધોને આલેખતી નવલકથાઓનો આલેખ

માનવજાત જ્યારથી અસ્તિત્વમા આવી ત્યારથી સ્ત્રી–પુરુષ એકબીજાનું વિજાતીય આકર્ષણ અનુભવતા રહ્યા છે. આ વિજાતીય આકર્ષણમાં લાગણી, ભાવ, સંવેદના, તિરસ્કાર વગેરેના પ્રવેશને કારણે આ સ્ત્રી–પુરુષ સંબંધો જુદા જુદા પરિમાણ દાખવતા રહ્યા છે. સમયાંતરે બદલાતા જતા સ્ત્રી–પુરુષના સંબંધની પરિસ્થિતિનું આલેખન જે તે સમયના નવલકથાકાર જાણે–અજાણે કરતા રહ્યા છે. સાહિત્ય જીવનનું પ્રતિબિંબ પાડે છે. એમાં પણ કથાસાહિત્યના લોકપ્રિય પ્રકાર નવલકથામાં તો આ સંબંધોનું પ્રતિબિંબ વધુ સ્પષ્ટ રીતે ઝિલાતું આવ્યું છે. આ પ્રકરણને મેં નીચે મુજબના કુલ–૬ વિભાગોમાં વહેંચવાનું વિચાર્યું છે :

૧.૧ સુધારકયુગની નવલકથાઓમાં સ્ત્રી–પુરુષ સંબંધો

૧.૨ પંડિતયુગની નવલકથાઓમાં સ્ત્રી–પુરુષ સંબંધો

૧.૩ ગાંધીયુગની નવલકથાઓમાં સ્ત્રી–પુરુષ સંબંધો

૧.૪ અનુગાંધીયુગની નવલકથાઓમાં સ્ત્રી–પુરુષ સંબંધો

૧.૫ આધુનિકયુગની નવલકથાઓમાં સ્ત્રી–પુરુષ સંબંધો

૧.૬ અનુઆધુનિકયુગની નવલકથાઓમાં સ્ત્રી–પુરુષ સંબંધો

ઉપરોક્ત છ યુગોની નવલકથાના સ્ત્રી–પુરુષ સંબંધોનું અવલોકન કરતાં જણાયું છે કે, સુધારકયુગની નવલકથાઓમાં સ્ત્રી સૌંદર્યસામ્રાજ્ઞી, સતી, શાપ આપવાની શક્તિ ધરાવનાર છે, તો પુરુષ પોતાની લંપટતાને કારણે જીવન સર્વસ્વ ગુમાવે છે. પંડિતયુગની નવલકથાઓની સ્ત્રી વિષમ સંજોગોમાં પણ પોતાનો સ્વધર્મ ગુમાવતી નથી, તો પુરુષ પણ કુળવાન, બુદ્ધિમાન અને ચારિત્ર્યવાન છે. ગાંધીયુગની નવલકથાઓમાં સ્ત્રી–પુરુષ સંબંધો ખૂબ જ આત્મીયતાવાળા બન્યા છે. વિજાતીય આકર્ષણ અને પ્રેમની લાગણીથી ભરેલા આ સંબંધો છે. ગાંધીયુગ અને અનુગાંધીયુગના સંધિકાળની નવલકથાઓમાં સ્ત્રી–પુરુષ સંબંધોમાં એકબીજાને પામી લેવાની લાલશા નથી પણ અંતરના ઊંડાણમાં એકબીજાને વસાવી લેવાની તમન્ના છે. આધુનિકયુગની નવલકથાઓમાં સ્ત્રી–પુરુષ સંબંધો મનની ચૈતસિક ભૂમિકા અને આંતરવાસ્તવની દર્દનાક ગડમથલને રજૂ કરે છે; તો અનુઆધુનિકયુગની નવલકથાઓમાં આલેખાયેલા સ્ત્રી–પુરુષ સંબંધોમાં સાંપ્રતકાલીન વાસ્તવિકતાઓની પ્રેમભીની લાગણીઓ રજૂ થઈ છે.

<u>પ્રકરણ–૨</u>

અર્વાચીન પરિમાણ

૨.૧ 'સરસ્વતીચંદ્ર' – ગોવર્ધનરામ ત્રિપાઠી

૨.૨ 'મળેલા જીવ' – પન્નાલાલ પટેલ

૨.૩ 'ધીમુ અને વિભા' – જયંતિ દલાલ

આ પ્રકરણમાં અર્વાચીન પરિમાણને ધ્યાનમાં લઈને ઉપર્યુક્ત ત્રણ નવલકથાઓમાં રજૂ થયેલ સ્ત્રી–પુરુષ સંબંધોને તલસ્પર્શી રીતે અભ્યાસ કરવાનો અભિગમ દાખવ્યો છે.

'સરસ્વતીચંદ્ર' એ તો ભારતીય સંસ્કૃતિનું ઉત્તુંગ શિખર છે. આ મહાનવલમાં સ્ત્રી–પુરુષના વિધ–વિધ સંબંધોને અસરકારક રીતે સર્જકે આલેખી બતાવ્યા છે. એ સંબંધ પછી પતિ–પત્નીના હોય, ભાઈ–બહેનના હોય, માતા–પિતાના હોય, પ્રેમી–પ્રેમિકાના હોય, કોઈપણ પ્રકારનો સંબંધ ગોવર્ધનરામની નજરમાંથી છૂટી શક્યો નથી. સર્જકે આ સંબંધોની પવિત્રતા શેમા રહેલી છે એનો નિર્દેશ પણ કર્યો છે. સંબંધોની મિઠાશ ત્યાં સુધી રહે છે, જ્યાં સુધી એમાં સ્વાર્થનું તત્ત્વ પ્રવેશતું નથી.

'મળેલા જીવ'માં આ સ્ત્રી–પુરુષ સંબંધ કંઈ જુદી જ રીતે આલેખાયા છે. યુવાન હૃદયનો પ્રણય પ્રારંભ, તેને સાથે કરવાના પ્રયત્ન આ સંબંધોનું જમા પાસું છે. સ્થૂળ ઈચ્છામાંથી સૂક્ષ્મ તરફનું સ્ફૂરણ અને એમાંથી જાગતી દારૂણવ્યથા એ 'મળેલા જીવ'ના સંબંધોની પરાકાષ્ઠા છે. આ પરાકાષ્ઠામાંથી જ જીવનના ઉત્તમમાં ઉત્તમ સત્ત્વની કપરી કસોટી થવી અને છેવટે દુર્બળતા પર વિજય મેળવી સબળ થતું પ્રણયજીવન એ આ નવલનું બળવાન કથાતંતુ છે.

'ધીમુ અને વિભા'માં ભગ્નહૃદયની નારીની આંતર ચીસ સતત સંભળાયા કરે છે. આમ છતાં સર્જકે એમાં સ્ત્રી–પુરુષના સંબંધોમાં પ્રેમના તત્ત્વનું ગૌરવ કર્યું છે. માનવમનની સંકુલ સંવેદનાઓને આ નવલકથામાં કલાત્મક રૂપ અપાયું છે. 'ધીમુ અને વિભા' બંને ચરિત્રોએ સૂક્ષ્મ અને શુદ્ધ પ્રેમનો મહિમા રજૂ કર્યો છે. વિભા ધીમુને ચાહે છે, તે ધીમુને પૂરેપૂરી સમર્પિત થઈ ગઈ છે. તો બીજી બાજુ ધીમુ લગ્નના પ્રસ્તાવને પાછો ઠેલવા માટે સત્યાગ્રહી તરીકેનું કારણ આગળ ધરે છે. એ વખતે વિભા જે પ્રત્યુત્તર આપે છે એમાં જ સ્ત્રી–પુરુષના સંબંધોની મિઠાશ વ્યાપી વળે છે. વિભા કહે છે : ''ધીમુ, વિભાને વિભાનું હોય એવું કશું જ નથી રહ્યું. જે ઘડીએ એણે એનું મન તારે ચરણે ધર્યું તે જ ઘડીએ વિભા તો મટી ગઈ.'' સ્ત્રી–પુરુષના સંબંધોનું આ ઉત્તુંગ શિખર છે.

<u>પ્રકરણ–૩</u>

આધુનિક પરિમાણ

૩.૧ 'અમૃતા' – રઘુવીર ચૌધરી

૩.૨ 'નાઈટમેર' – સરોજ પાઠક

૩.૩ 'કામિની' – મધુ રાય

૩.૪ 'શીમળાનાં ફૂલ' – ધીરુબહેન પટેલ

૩.૫ 'પ્રિયજન' – વીનેશ અંતાણી

આ પ્રકરણમાં આધુનિક પરિમાણને ધ્યાને લઈને ઉપર્યુક્ત પાંચ નવલકથાઓમાં સ્ત્રી–પુરુષ સંબંધોનો તલસ્પર્શી અભ્યાસ કરવાનું વિચાર્યું છે. આધુનિકયુગમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસે માનવીના ભૌતિક સુખ સગવડો વધારી દીધા તેની સાથે સાથે માનવીની ઈશ્વરમાં રહેલી શ્રદ્ધા ડગમગાવી મૂકી.

'અમૃતા' નવલકથાના સર્જકે આધુનિકયુગના સ્ત્રી–પુરુષ વચ્ચેના સંબંધોને ત્રણ સર્ગમાં વિભક્ત કરી બતાવ્યા છે. પહેલો સર્ગ છે – 'પ્રશ્નાર્થ'. અમૃતાએ ઉદયન અને અનિકેતમાંથી કોની વરણી કરવી તે પ્રશ્ન છે. બીજો સર્ગ છે – 'પ્રતિભાવ'. જેમાં અમૃતા ઉદયનની વરણી કરીને અ–મૃતા બની રહે છે. ત્રીજો સર્ગ છે – 'નિરુત્તર'. 'અમૃતા' નવલકથાના ત્રણે પાત્રો સ્ત્રી–પુરુષના પ્રેમસંબંધોમાં સ્વાતંત્ર્યને લગતા પ્રશ્નોનું નિરૂપણ કરે છે. ત્રણે પાત્રો પોતપોતાનું સ્વાતંત્ર્ય જાળવી રાખવા મથામણ કરી રહ્યાં છે. કોઈ કોઈને પ્રાપ્ત કરી શકતા નથી. તેમની વચ્ચે અહમ ટકરાયા કરે છે.

'નાઈટમેર'માં સરોજ પાઠકે માનવમનની ગલીકૂંચીઓના અંધારા–અજવાળા ખોલતા પરિણામોની સંકુલતાની ડિઝાઈન ગૂંથી છે. એક સ્ત્રી અને બે પુરુષ પાત્રો આલેખન પામ્યાં છે. પુરુષ પાત્રો બંને સગાભાઈઓ છે. આ ત્રણે પાત્રો એકબીજાને

સંભાળીને સાચવીને જીવ્યા કરે છે. આ નવલમાં સ્ત્રી–પુરુષના દામ્પત્ય જીવનની અનેક સંકુલ અનુભૂતિઓ અને સંઘર્ષો આલેખન પામ્યા છે. પ્રણય ત્રિકોણમાં બે પુરુષો અને એક સ્ત્રી હોય છે અથવા તો બે સ્ત્રી વચ્ચે એક પુરુષ હોય શકે છે. આમ દ્વિવિધ રીતે સ્ત્રી–પુરુષ સંબંધોનું વેદનામય અને ભીતિપૂર્ણ સંઘર્ષનું રૂપ આ નવલકથામાં આલેખન પામ્યું છે.

મધુ રાય રચિત '**કામિની**' નવલકથામાં નિરૂપાયેલી દુનિયા નાટકની છે. સ્ટેજની દુનિયાનું વાસ્તવ, સ્ત્રી–પુરુષના શિથિલ સંબંધો, મહત્ત્વાકાંક્ષાઓ, ઈર્ષા, સ્પર્ધા, દંભ, વિકાર, ચતુરાઈ વગેરે દ્વારા લેખકે સમકાલીન સમાજની બહારથી ઊજળી લાગતી અને અંદરથી અંધકારમય લાગતી સંકુલ છબી વાસ્તવિકતાનો સ્પર્શ કરાવીને ઉપસાવી છે. નાટકીય સ્ટેજની જિંદગી અને વાસ્તવિક જિંદગીમાં કામિનીની જિંદગી કેવી છિન્ન–ભિન્ન થઈ જાય છે તેની કારમી કથા એમાં આલેખન પામે છે. સ્ત્રી–પુરુષના સંબંધો કેવા સ્વાર્થી અને લંપટ હોય છે, એનું આલેખન થયું છે. બહારથી દેખાતો માણસ અંદરથી જુદો જ હોય છે. સ્ત્રીને રમકડું સમજી રમાડે છે. આ છે આધુનિક સ્ત્રી–પુરુષ સંબંધો.

ધીરુબહેન પટેલ લિખિત '**શીમળાનાં ફૂલ**' નવલકથાનો પરિવેશ સામાજિક છે. વીસ વરસના દામ્પત્ય જીવન પછી પણ સહજીવનમાં સંવાદિતા નથી સ્થપાય. એટલે રન્ના ગૃહત્યાગ કરે છે. ઘરબાર છોડીને ભાગી પોતાની બહેનપણી ઉમાને ત્યાં રહેતાં રન્નાને ખ્યાલ આવે છે કે એક જણના ચાલી જવાથી ઘરમાં કેવો શૂન્યાવકાશ છવાઈ જાય છે. ધીરુબહેન પટેલે પાત્રો અને પ્રસંગો દ્વારા સ્ત્રી–પુરુષ સંબંધના છિન્ન દામ્પત્ય, છેતરપિંડી, સમાધાન, હઠાગ્રહ, કુટુંબ ત્યાગ અને આત્મપ્રતારણના આ પ્રસંગો અંતર્ગત રહેલ સામાજિક વાસ્તવના સંવેદનનો એક આગવો પૂટ રચી આપે છે. સ્ત્રી અને પુરુષ સહજીવન જીવવા સર્જાયા છે. બંને એકબીજાના પૂરક છે; પોષક છે. બંને પોતપોતાની

મર્યાદા સમજીને તેને સહર્ષ સ્વીકારીને જીવે તો સંઘર્ષ જનમતો નથી અને જો કદાચ સંઘર્ષ જન્મે છે તો તે સહજીવનનો અંત લાવે એવું પરિણામ લાવતો નથી.

વીનેશ અંતાણી રચિત '**પ્રિયજન**' નવલકથામાં આધુનિક માનવીની, સ્ત્રી–પુરુષ સંબંધની એક નવી જ દિશા ઉઘાડ પામી છે. જીવનને ભરપૂર રીતે જીવી લીધું હોય, બધું જ સભર હોય છતાં પાછલી જિંદગીની એક નમતી સાંજે એકાદ ચહેરો મનમાં છલકાય જાય એવું બને ત્યારે પ્રશ્ન થાય કે કઈ ક્ષણ સાચી ? કે પછી બન્ને સાચી. સાચું તો લેખકને પ્રાપ્ત થયું છે અને તે છે પ્રિયજનનું પ્રિયજનપણું. આ નવલમાં પતિ–પત્ની વચ્ચેના સંબંધો મીઠા છે. કોઈપણ જાતના ઝઘડા વિના એક સમજણપૂર્વકનો પ્રેમ જોવા મળે છે. ઉમા ચારુ વિશે જાણે છે છતાં નિકેતનો પડછાયો બનીને જીવે છે. નિકેત પણ ઉમાને કશી જ ઊણપ વિના પત્ની તરીકેના બધા જ હક્કો આપે છે. આજના સમયમાં આવા સંબંધો વિશે વિચાર કરવો કે આવા સંબંધોને લાંબા સમય સુધી ટકાવવા એ કદાચ અઘરી બાબત છે, છતાં માનવજીવનમાં સ્ત્રી–પુરુષના સંબંધોની આ પણ એક વાસ્તવિકતા રહી છે.

<u>પ્રકરણ–૪</u>

અનુઆધુનિક પરિમાણ

૪.૧ 'ખડકી' – સુમન શાહ

૪.૨ 'નેળિયું' – મોહન પરમાર

આ પ્રકરણમાં અનુઆધુનિક પરિમાણને ધ્યાનમાં લઈને ઉપરોક્ત માત્ર બે જ નવલકથાઓમાં આલેખાયેલ સ્ત્રી–પુરુષ સંબંધોની ચર્ચા કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

સુમન શાહ રચિત '**ખડકી**' નવલકથામાં સ્ત્રી–પુરુષ પાત્રો એક યા બીજી રીતે એકબીજાની સાથે સંકળાયેલા કે જોડાયેલા છે. છતાં તેઓ એકલાં અટૂલાં પડી ગયાં

હોય એવો અહેસાસ અનુભવે છે. એમની એકલતા ભરી સ્થિતિ એમને ક્ષત–વિક્ષત, હેરાન–પરેશાન કરી નાખે છે. તેથી તેઓ અંદરોઅંદર ગૂંગળામણ અનુભવે છે. એમાંથી તેઓ છૂટવા મથે છે પણ છૂટી શકાતું નથી. સ્ત્રી–પુરુષોનું દામ્પત્ય સુખ મૃગજળ જેવું નીવડયું છે. જિંદગીની ખોખલાપણાની અને સ્ત્રી–પુરુષ સંબંધોની વેવલાઈની બગદોઈ 'ખડકી'માં આકર્ષક રીતે આલેખન પામી છે. આ બધાં પાત્રો કે સ્ત્રી–પુરુષ સંબંધોમાં આપણને કામવાસના જ દૃષ્ટિગોચર થાય છે. તેઓ આ કામવાસના માટે જ જીવતા કે ઝૂરતા હોય એમ લાગે છે. આ બધાં સ્ત્રી–પુરુષો કોઈને કોઈની સાથે સંબંધે જોડાયેલાં છે. એકમેકમાં ઓગળતા રહેતા છતાં પૂરું ઓગળી જવાને અશક્ત એવા કમજોર અને સંવેદનશીલોની આ કથા છે. સુમન શાહે સ્ત્રી–પુરુષ સંબંધોની એક નવી જ દિશા દર્શાવી છે.

મોહન પરમાર રચિત **'નેળિયું'** નવલકથામાં સ્ત્રી–પુરુષ સંબંધોની એક નવી જ બારી ઉઘાડ પામી છે. અનુઆધુનિકયુગમાં પણ જાતિવાદ અને કોમવાદ વિસારે પડયો નથી. 'મળેલા જીવ'માં જીવી અને કાનજી અલગ જ્ઞાતિના હોવાના કારણે ભલે લગ્ન સંબંધે ન જોડાયા પણ એકમેક સાથે જિંદગી જીવી તો શક્યા. ગાંધીયુગમાં જો આ શક્ય બન્યું હોય તો અનુગાંધીયુગમાં એ વધારે દૃઢ બનવું જોઈએ, જે 'નેળિયું'માં શક્ય બન્યું નથી. દલિત એન્જિનિયરને મૂર્છા વળતાં પટેલ–પટલાણી એને ઘેર લઈ જાય છે. નાયકને આશ્રય આપનારી પટલાણીને જ્યારે ખબર પડે છે કે આ એન્જિનિયર તો દલિત જાતિનો છે ત્યારે ઘણું મોડું થઈ ચૂક્યું હોય છે. પટલાણી દલિત એન્જિનિયરના પ્રેમમાં પડી ચૂકી હોય છે. આ પ્રેમને કે પ્રણય સંબંધને તોડનાર જો કોઈ હોય તો તે જાતિવાદ છે. તોરલનો પ્રણય સંબંધ નાયક દલિત છે તે જાણતાં જ ફિક્કો પડી જાય છે. ઈ.સ. ૧૯૯૨માં રચાયેલ આ નવલકથા અત્યાર સુધીના સ્ત્રી–પુરુષ સંબંધોની એક નવી જ બાજુને ખોલી આપે છે.

પ્રકરણ–૫

ઉપસંહાર

પુરાણોમાં નજર દોડાવશું તો ખ્યાલ આવશે કે સ્ત્રીના સ્નેહ વિના પુરુષ અધૂરો જ રહ્યો છે અને પુરુષના પ્રતાપ વિના સ્ત્રી અધૂરી રહી છે. એટલે જ કદાચ સ્ત્રી અને પુરુષનું નિર્માણ શક્ય બન્યું છે. શંકરપાર્વતી વિના અધૂરા છે તો સીતા રામ વિના અધૂરી છે. સમગ્ર સૃષ્ટિનું જો કોઈ ચાલકબળ હોય તો તે આ સ્ત્રી અને પુરુષ છે. પુરુષે સ્ત્રીમાં રહેલી આત્મશક્તિને ઓળખી કાઢી છે તો સ્ત્રીએ પુરુષના આત્મગૌરવને ઓળખ્યો છે. જરાક કલ્પના કરીએ કે કુદરતના રચયિતાએ પુરુષ કે સ્ત્રીમાંથી કોઈ એકનું જ નિર્માણ કર્યું હોત તો ? કુદરતની સમતુલા પણ કદાચ આ સ્ત્રી–પુરુષના નિર્માણના કારણે જ જળવાઈ રહી છે. આવા સ્ત્રી–પુરુષને પામવા કે એના સંબંધોને તપાસવા એ નાની સૂની વાત નથી. આ સ્ત્રી–પુરુષના સંબંધો ખૂબ જ નાજુક હોય છે. સમાજમાં પુરુષોની બેપરવાહીને, બેવફાઈને નાથવાનું કામ સ્ત્રીઓએ કર્યું છે. આજે પણ કંઈ કેટલાયે ઘરો એવાં છે જ્યાં પુરુષની સરખામણીએ સ્ત્રીમાં સમજદારી અને હોંશિયારી વધારે છે. માનવહૃદય કેટકેટલા સંબંધો, આઘાતો, પ્રત્યાઘાતો, વેદનાઓ ઝીલતું હોય છે, પણ સ્ત્રી–પુરુષના કેટલાક સંબંધો એવા હોય છે જેને હૃદય ઝીલી શકતું નથી. આ સંબંધોમાં મિઠાશ ત્યાં સુધી વ્યાપેલી રહે છે જ્યાં સુધી એમાં સ્વાર્થનું તત્ત્વ ભળતું નથી. સંબંધો અનેક પ્રકારના છે, પતિ–પત્નીનો સંબંધ, ભાઈ–બહેનનો સંબંધ, માતા–પિતાનો સંબંધ, પ્રેમી–પ્રેમિકાનો સંબંધ. આ બધા જ સંબંધોમાં જ્યારે અહમ કે ઈર્ષાનું તત્ત્વ દાખલ થાય છે ત્યારે આ સંબંધોની પવિત્રતા જળવાતી નથી.

મારો આ મહા શોધનિબંધ ભાવકો માટે પથદર્શક બની રહેશે કે નહીં એ કહેવું અતિશયોક્તિ ભરેલું છે પણ મારા પતિ–પત્ની તરીકેના સંબંધોમાં, પિતા–પુત્ર તરીકેના સંબંધોમાં કે માતા–પિતાના સંબંધોમાં ચોક્કસ સમજ વ્યાપી વળશે એ નિઃશંક બાબત છે.

શોધનિબંધને અંતે શોધાભ્યાસ દરમ્યાન જે પુસ્તકોએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મને માર્ગદર્શન પૂરું પાડયું છે એવા પુસ્તકો, સામયિકોની સૂચિ રજૂ કરી શોધનિબંધનું કાર્ય પૂર્ણ કરવા વિચાર્યું છે.

અસ્તુ.

ઓલપાડ,
તા.   –૧૧–૨૦૧૧.

[અશોક બી. સોલંકી]
અધ્યેતા

ડૉ. જશુ પટેલ
માર્ગદર્શક